સરકારી અધિકારીઓ / કર્મચારીઓએ ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હસ્તકનાં સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો પરથી પાસ કરેલ કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C / C.C.C.+ ની ૨૦૦ ગુણની પરીક્ષાના પ્રમાણપત્રોને માન્યતા આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૧૯-યુઓ-૩૧૩-ક
સચિવાલય, ગાંધીનગર
તા.૦૬/૧૨/૨૦૨૧

**વંચાણે લીધા:**

(૧) સા.વ.વિ.ના જાહેરનામા ક્ર : જીએસ/૨૦૦૬/૩૧/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/ક, તા.૩૦/૦૯/૨૦૦૬

(૨) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬

(૩) સા.વ.વિ.નાં ઠરાવ ક્રમાંક : કેપીટી-૧૧૨૦૦૭-૩૦૩૬૨-ક, તા.૦૧/૧૦/૨૦૦૭

(૪) સા.વ.વિ.નાં ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૧૬/૧૦/૨૦૦૭

(૫) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૧-ક, તા.૦૨/૦૧/૨૦૦૯

(૬) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ.૧-ક, તા.૦૭/૦૫/૨૦૧૦

(૭) સા.વ.વિ.નાં ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ.૧-ક, તા.૨૨/૦૬/૨૦૧૦

(૮) શિક્ષણ વિભાગની તજજ્ઞ સમિતિનો તા.૩૦/૦૧/૨૦૨૦નો અભિપ્રાય

**આમુખ :**

સરકારી સેવામાં નિમણૂંક પામેલ અધિકારીઓ / કર્મચારીઓએ ઉકત વંચાણે લીધેલ ક્રમ (૧) પરનાં જાહેરનામાથી ઘડાયેલ કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો હેઠળ તેઓનાં અજમાયશી સમયગાળા દરમ્યાન તેમજ બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C/C.C.C.+ ની પરીક્ષા પાસ કરવી આવશ્યક છે. તેમજ ઉકત વંચાણે લીધેલ ક્રમ (૨) પરનાં ઠરાવથી "કોમ્પ્યુટર કૌશલ્ય" માટેની તાલીમ અને પરીક્ષા માટેની કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવેલ છે.

તદનુસાર, સીધી ભરતીથી નિમણૂંક પામેલ અધિકારીઓ/કર્મચારીઓએ તેઓનાં અજમાયશી સમયગાળા દરમ્યાન તેમજ સરકારી સેવામાં રહેલ અધિકારીઓ/કર્મચારીઓએ તેઓની બઢતી /

Scanned with CamScanner

ઉચ્ચતર પગાર ધોરણ માટે સંબંધિત કોમ્પ્યૂટર કૌશલ્યની CCC / CCC+ ની પરીક્ષા સરકારશ્રી દ્વારા માન્ય કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો પરથી પાસ કરવાની રહે છે. અધિકારીઓ/કર્મચારીઓએ આ કોમ્પ્યૂટર કૌશલ્યની CCC / CCC+ ની પરીક્ષા નિયત થયેલ અભ્યાસક્રમ અનુસાર ૫૦ ગુણ - થીયરી અને ૫૦ ગુણ - પ્રેક્ટીકલ એમ બે ભાગમાં મળીને કુલ-૧૦૦ ગુણની પરીક્ષા પાસ કરવાની રહે છે.

૨. ઉકત વંચાણે લીધેલ ક્રમ (૪) અને (૬) પરનાં ઠરાવોથી ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હસ્તકનાં કેન્દ્રોને કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C/C.C.C.+ ની પરીક્ષા માટે તાલીમ કેન્દ્રો તરીકે માન્યતા આપવામાં આવેલ છે. તદ્દુપરાંત, ઉકત વંચાણે લીધેલ ક્રમ (૫) અને (૭) પરનાં ઠરાવોથી ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હસ્તકનાં કેન્દ્રોને કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C/C.C.C.+ ની પરીક્ષા માટે પરીક્ષા કેન્દ્રો તરીકે માન્યતા આપવામાં આવેલ છે.

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા રાજ્ય સરકારનાં ઉક્ત ઠરાવોથી માન્યતા આપવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો પરથી સરકારશ્રીનાં ઉક્ત વંચાણે લીધેલ તા.૩૦/૦૯/૨૦૦૬ના જાહેરનામાથી નિયત કરાયેલ અભ્યાસક્રમ અને ઉક્ત વંચાણે લીધેલ તા.૩૦/૦૯/૨૦૦૬ના ઠરાવથી નિયત કરાયેલ પરીક્ષા પદ્ધતિ મુજબ પરીક્ષા લેવાની રહે છે.

૩. ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટીનાં અભ્યાસક્રમ અનુસારની ૨૦૦ ગુણની પરીક્ષા પણ લેવામાં આવે છે, અને સરકારી સેવામાં નિમણૂંક પામેલ અધિકારીઓ / કર્મચારીઓને આ ૨૦૦ ગુણની પરીક્ષા પાસ કર્યાનાં પ્રમાણપત્રો આપવામાં આવેલ છે.

તદનુસાર સરકારી સેવામાં નિમણૂંક પામેલ અધિકારીઓ / કર્મચારીઓ દ્વારા તેઓએ ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો પરથી પાસ કરેલ કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C / C.C.C.+ ની ૨૦૦ ગુણની પરીક્ષાનાં પ્રમાણપત્રો તેઓની બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ માટે માન્ય રાખવા અંગે રજૂઆતો થયેલ, પરંતુ આ પ્રમાણપત્રો રાજ્ય સરકાર દ્વારા નિયત થયેલ પરીક્ષા પદ્ધતિ (૫૦ ગુણ - થીયરી અને ૫૦ ગુણ - પ્રેક્ટીકલ એમ કુલ મળીને ૧૦૦ ગુણ) મુજબની ન હોવાથી, આ પ્રમાણપત્રો માન્ય ગણવામાં આવતાં ન હતાં.

૪. આમ, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C / C.C.C.+ ની ૨૦૦ ગુણની પરીક્ષાનાં પ્રમાણપત્રો સંદર્ભે ઘણી વિસંગતતાઓ ઊભી થયેલ, આ સંદર્ભમાં નામ. હાઈકોર્ટમાં દાખલ થયેલ એસ.સી.એ. નં. ૧૭૧૫૬/૨૦૧૮ માં આવેલ ચુકાદા મુજબ નામ. હાઈકોર્ટ દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી મારફત પાસ કરાયેલ પરીક્ષાનાં પ્રમાણપત્રોને માન્ય ગણવાના આદેશો કરવામાં આવેલ છે.

૫. આ સંદર્ભે ઉકત વંચાણે લીધેલ ક્રમ (૮) પરનાં નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરીની તજજ્ઞ સમિતિ દ્વારા આપવામાં આવેલ અભિપ્રાયને ધ્યાને લઈ, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સરકારી સેવામાં નિમણૂંક પામેલ અધિકારીઓ / કર્મચારીઓને આપવામાં આવતાં

Scanned with CamScanner

કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C / C.C.C.+ ની ૨૦૦ ગુણની પરીક્ષાનાં પ્રમાણપત્રોને માન્ય ગણવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

સરકારી સેવામાં નિમણૂંક પામેલ સરકારી અધિકારીઓ / કર્મચારીઓએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હસ્તકનાં સરકારશ્રી દ્વારા વખતોવખત માન્યતા પ્રાપ્ત પરીક્ષા કેન્દ્રો પરથી પાસ કરેલ કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C / C.C.C.+ ની ૨૦૦ ગુણની પરીક્ષાનાં પ્રમાણપત્રોને પણ તેઓનો અજમાયશી સમયગાળો પૂર્ણ કરવા માટેની વિચારણા કરવા માટે તેમજ તેઓની બઢતી / ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા માટે માન્ય ગણવાનાં રહેશે.

આ જોગવાઈઓ રાજ્ય સેવા, પંચાયત સેવા તથા રાજ્ય સરકાર હસ્તકનાં બોર્ડ / કોર્પોરેશનના અધિકારીઓ / કર્મચારીઓને સમાન ધોરણે લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સિમરન પોપટાણી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
માન. મંત્રીશ્રી/માન. રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned with CamScanner